જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૨/૧૨/૨૦૨૩ શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૪૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૨૫૦ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૧,૩૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૪૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૯૪૭/૨૦૨૩

**કાલુપુરઃ** અનીલ સ/ઓ ખેમચંદ ટેકચંદાની (રહે.જયઅંબે સોસાયટી તલાવડી સરદારનગર) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૧૨/૨૦૨૩ કલાક ૨/૦૦ વાગ્યાના સુમારે કાલુપુર રિલીફ રોડ મનાલી ચેમ્બર તથા કુમાર ચેમ્બર ખાતે આવેલ દુકાન નંબર ૪ તથા ૫ ના શટરનાં તાળા તોડી બે પુરૂષ દુકાનમા પ્રવેશ કરી, અલગ-અલગ વેરાઇટી ડેકોરેશન માટેની એલ.ઇ.ડી લાઇટ્સ નંગ-૯૦ કિમત રૂપિયા ૩૮,૦૦૦/- ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એન.જાડેજા ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૯૪૮/૨૦૨૩

**માધવપુરાઃ** (૧) જગદિશભાઇ દશરથભાઈ દાતણીયા (ઉ.વ.૩૩) (રહે.ઈન્દીરાનગરનાં છાપરાનાં શાહપુર દરવાજા બહાર માધવપુરા) એ અગમ્ય કારણસર તા.૩૦/૧૧/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પતરાના શેડમા લોખંડની પાઈપ સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ખુમાનસિંહ ફતેસિંહ ચલાવે છે.

**માધવપુરાઃ (૨)** જયંતીભાઇ રેવાભાઇ વાઘેલા (ઉ.વ.૪૭) (રહે.હરીવંશ સોસાયટી શાહપુર ફાયર સ્ટેશન પાસે શાહપુર દરવાજા બહાર) એ અગમ્ય કારણસર તા.૨૪/૧૧/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતુ. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૦૧/૧૨/૨૦૨૩ સાંજના ૬/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.એચ.ગોહીલ ચલાવે છે.

**સાબરમતી**ઃ સેલવલ્લી વા/ઓ કુમાર આદીદ્રવીડ (ઉ.વ.૩૮) (રહે. ન્યુ રેલ્વે કોલોની ડી-કેબીન સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૨૮/૧૧/૨૦૨૩ કલાક ૮/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૧/૧૨/૨૦૨૩ કલાક ૧૦/૧૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હર્ષદકુમાર ચંદુલાલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી